### પડતર માંગણીઓને લઈ ૩ દિવસ આંગણવાડીઓને તાળાબંધી

# વીરપુરમાં આંગણવાડી બહેનોએ તાલુકા પંચાયત સામે સૂત્રોચ્ચાર સાથે ધરણા કર્યાં

**માંગણીઓ** નહીં સંતોષાય તો આગામી ચૂંટણી બહિષ્કારની ચીમકી




(પ્રતિનિધિ) વીરપુર તા.18

વીરપુર તાલુકાના આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા હાઈકોર્ટના હુકમ મુજબ વેતન વધારો અને ઓનલાઈન કામગીરીના અસહ્ય ભારણ સામે ત્રણ દિવસ સુધી તાલુકાની તમામ આંગણવાડીઓ બંધ રાખી તાલુકા પંચાયત કચેરી ખાતે સૂત્રોચ્ચાર સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વીરપુર તાલુકાના આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોનો મુખ્ય આરોપ છે કે સરકાર દ્વારા તેમને આપવામાં આવતા વળતર કરતા કામગીરીનું ભારણ અનેકગણું વધારે છે. છેલ્લા અનેક વર્ષોથી આ બહેનો બાળ પોષણ, આરોગ્ય સેવાઓ, રસીકરણ અને સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ જેવા મહત્વપૂર્ણ કાર્યો કરી રહી છે. તેમ છતાં, આજના મોંઘવારીના સમયમાં તેમનું વેતન અત્યંત અપૂરતું છે.

સરકાર દ્વારા પોષણ ટ્રેકર એપ્લિકેશન, ડેટા એન્ટ્રી, ફોટો અપલોડ અને એફઆરએસ જેવી ઓનલાઈન કામગીરીમાં સતત વધારો કરવામાં આવ્યો છે. બહેનોએ રજૂઆત કરી છે કે આ કામગીરી માટે તેમના અંગત મોબાઈલ હવે સક્ષમ નથી અને એપ આધારિત કામગીરીને કારણે બાળકોના શિક્ષણ પર ગંભીર અસર પડી રહી છે. ડિજિટલ આંકડા આપ્યા બાદ પણ ફરીથી ગૂંચવણભર્યા રજીસ્ટરો નિભાવવા પડતા હોવાથી સમયનો ભારે વ્યય થાય છે, જે પદ્ધતિ રદ કરવાની માંગ કરવામાં આવી છે. જો આ માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી બહેનો દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

#### મુખ્ય માંગણીઓ અને ચીમકી

**હાઈકોર્ટના** હુકમ મુજબ તાત્કાલિક વેતન વધારો કરવો.
**કર્મચારીઓને** નિયમિત કર્મચારીનો દરજ્જો, પેન્શન અને સામાજિક સુરક્ષાના લાભો આપવા.
**સારી કંપનીના** નવા મોબાઈલ આપવા અને મોબાઈલ ઇનસેટિવ નિયમિત ચૂકવવું.
**એપ આધારિત** કામગીરી સરળ અને ભારણ મુક્ત બનાવવી.

### ચારૂસેટમાં લિબરલ આર્ટ્સ વર્કશોપમાં 2322 વિદ્યાર્થીઓએ 30 હજારથી વધુ મોડેલો બનાવી ઇતિહાસ સર્જ્યો





ચાંગા સ્થિત ચારૂસેટ યુનિવર્સિટીમાં સતત 12મા વર્ષે આયોજિત ચાર દિવસીય લિબરલ આર્ટ્સ વર્કશોપમાં વિવિધ પ્રોફેશનલ વિદ્યાશાખાઓના 2322 વિદ્યાર્થીઓએ કલા અને સર્જનાત્મકતાનો સંગમ રચી 30 હજારથી વધુ મોડેલો તૈયાર કર્યા હતાં. ચારૂસેટના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલે આ ભવ્ય પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું, જેની પાંચ હજાર વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ મુલાકાત લીધી હતી. યુનિવર્સિટીના 'સર્વાંગી અને સર્વગ્રાહી' વિકાસના અભિગમ હેઠળ વિદ્યાર્થીઓએ પેઈન્ટિંગ, ફોટોગ્રાફી, સ્કલ્પટીંગ, ડાન્સ, અને મ્યુઝિક જેવા 15 જેટલા વિવિધ કોર્સીસમાં નેશનલ એવોર્ડ વિજેતા તજજ્ઞો પાસેથી તાલીમ મેળવી હતી. આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં ક્રિટીકલ થીંકીંગ, કમ્યુનિકેશન સ્કીલ્સ અને નૈતિક મૂલ્યો જેવા ગુણો વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### વીજ કંપનીની 12 ટીમો દ્વારા 507 વીજગ્રાહકો પાસે બાકી લેણાંની વસૂલાત

# કપડવંજમાં વીજ કંપનીની મેગાડ્રાઈવ એક જ દિ'માં ચાર લાખની વસૂલાત

**માર્ચ અંત** સુધીમાં બાકી રકમ શૂન્ય કરવાનો લક્ષ્યાંક

(પ્રતિનિધિ) કપડવંજ તા.18

કપડવંજ શહેરમાં વીજ બીલની બાકી રકમ વસૂલવા માટે વીજ કંપની દ્વારા આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. વડી કચેરીના આદેશ અનુસાર તમામ પેટા વિભાગીય કચેરીઓમાં હાથ ધરવામાં આવેલી મેગા ડિસકનેક્શન ડ્રાઈવ અંતર્ગત કપડવંજ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા કડક કાર્યવાહી કરી એક જ દિવસમાં લાખો રૂપિયાની વસૂલાત કરવામાં આવી છે.

કપડવંજમાં વીજ કંપની દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કુલ 12 ટીમો કાર્યરત કરવામાં આવી હતી. આ ટીમોને અંદાજે 507 જેટલા વીજગ્રાહકો પાસેથી કુલ 7.32 લાખની બાકી રકમની વસૂલાત કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન તંત્ર દ્વારા બાકીદારો સામે લાલ આંખ કરવામાં આવી છે. વસૂલાતના આંકડા અને કાર્યવાહી દિવસભર ચાલેલી આ કામગીરીના અંતે MGVCLને મોટી સફળતા મળી છેઃ કુલ વસૂલાતમાં 344 ગ્રાહકો પાસેથી 4 લાખની વસૂલાત કરવામાં આવી છે.

આ ઉપરાંત રકમ ન ભરનારા 16 ગ્રાહકોના વીજ જોડાણ કાપી નાખવામાં આવ્યાં હતાં. જ્યારે પાંચ ગ્રાહકોના મીટર જપ્ત કરી 8,236ની વસૂલાતની કાર્યવાહી કરાઈ છે. તેવી જ રીતે સ્થળ પર 1.97 લાખની રિકવરી થઈ, જ્યારે 1.98 લાખ ઓનલાઈન માધ્યમથી ભરાયાં હતાં. કચેરીનું કુલ ડેઈલી કલેક્શન 7.44 લાખ નોંધાયું છે.

હાલમાં કપડવંજ શહેરની કુલ ડેબિટ એરિયર્સ (બાકી લેણાં) 62.62 લાખ જેટલી છે. વડી કચેરી દ્વારા આ બાકી રકમને માર્ચ મહિનાના અંત સુધીમાં 'ઝીરો' કરવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. આ લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે આગામી દિવસોમાં પણ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા વસૂલાતની કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે તેવું જણાય છે.

# આણંદમાં બીયુ વગર ધમધમતી બે હોટલ સીલ

(પ્રતિનિધિ) આણંદ તા.18

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ અને સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરનારા એકમો સામે તંત્રએ આક્રમક વલણ અપનાવ્યું છે. મનપા કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ એસ્ટેટ અને ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી ખાસ ઝુંબેશ અંતર્ગત શહેરના બે જાણીતા ફૂડ જોઈન્ટ્સ 'હોટલ બાપુનો ઓટલો' અને 'રોસેટા કાફે'ને સીલ કરી દેવામાં આવ્યા છે. આ બંને એકમોને નિયમોના ભંગ બદલ પ્રત્યેકને રૂ. એક લાખ, એમ કુલ રૂ. બે લાખનો દંડ ફટકારતા અન્ય વ્યાપારી એકમોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કરમસદ-આણંદ મનપાની ટીમે 80 ફૂટ રોડ પર સરદાર બેન્કવેટ હોલ પાસે આવેલ 'બાપુનો ઓટલો' હોટલ અને સંકેત રોડ પર દેવ શ્રી ગોલ્ડ કોમ્પ્લેક્સમાં આવેલ 'રોસેટા કાફે' ખાતે આકસ્મિક તપાસ હાથ ધરી હતી. મનપાની તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે આ એકમોને અગાઉ નોટિસ આપીને જરૂરી પુરાવા રજૂ કરવા જણાવાયું હતું, પરંતુ સંચાલકો દ્વારા કોઈપણ કાયદેસરની મંજૂરીના દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા નહોતા.

આ અંગે મનપાના એસ્ટેટ વિભાગના જણાવ્યા મુજબ, જે હોટલ કે રેસ્ટોરન્ટ બીયુ પરમિશન કે ફાયર એનઓસી વગર વાણિજ્યિક હેતુ માટે વપરાતી હશે, ત્યાં તપાસની કામગીરી સતત ચાલુ રહેશે. આવા એકમોને તાત્કાલિક અસરથી સીલ કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

### તારાપુર-અરણેજ રેલવે લાઇનનું કામ તાત્કાલિક શરૂ કરવા

# આણંદથી હરિદ્વારની નવી ટ્રેન શરૂ કરવા સાંસદની રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદના પડતર પ્રશ્નોને વાચા આપતા સાંસદ મિતેશ પટેલે સંસદના ચાલુ સત્રમાં રેલવે મંત્રાલય સમક્ષ ધારદાર રજૂઆતો કરી છે. આણંદ જિલ્લાના વિકાસ માટે સતત કાર્યરત સાંસદે લોકસભામાં રેલવે મંત્રીને પત્ર પાઠવીને જિલ્લાને રેલવે વિભાગ તરફથી નવી સુવિધાઓનો લાભ મળે તે માટે ભલામણ કરી છે.

આણંદના સાંસદ મિતેશ પટેલે લોકસભામાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે, જો આણંદથી હરિદ્વારની નવી ટ્રેન શરૂ કરવામાં આવે તો જિલ્લાના હજારો શ્રદ્ધાળુઓને તેનો સીધો લાભ મળી શકે તેમ છે. આ સુવિધાથી માત્ર મુસાફરી સરળ બનશે એટલું જ નહીં, પરંતુ પ્રવાસન ક્ષેત્રને પણ મોટો વેગ મળશે તેવી આશા તેમણે વ્યક્ત કરી છે. બીજી મહત્વની રજૂઆતમાં સાંસદે ભાલ પંથકના તારાપુરથી અરણેજની નવી રેલવે લાઈનનું કામ તાત્કાલિક શરૂ કરવા પર ભાર મૂક્યો હતો. આ નવી લાઈન શરૂ થવાથી મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચે પરિવહન ક્ષેત્રે મોટી અનુકૂળતા ઊભી થશે. આ પ્રોજેક્ટનો સીધો લાભ આ વિસ્તારના અસંખ્ય ખેડૂતો અને વ્યાપારી વર્ગને મળશે. આ રજૂઆતો બાદ કેન્દ્ર સરકારના રેલવે મંત્રાલય તરફથી આ તમામ પ્રોજેક્ટ્સ પર ઝડપથી કામગીરી શરૂ કરવામાં આવે તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

#### આણંદ રેલવે સ્ટેશનનું નવિનીકરણ ઝડપી કરો

આણંદને અત્યાધુનિક રેલવે સ્ટેશન બનાવવાની જાહેરાત બાદ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ સ્ટેશનની મુલાકાત લીધી હતી. સ્ટેશનના નવીનીકરણનો નકશો તૈયાર થઈ ગયો હોવાથી, આ કામગીરી વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી માંગ સાંસદ દ્વારા કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આણંદ જિલ્લાની જનતાને વિશ્વસ્તરીય રેલવે સુવિધાઓ પ્રાપ્ત થશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદમાં 'ડ્રાયવર નહીં, બાળકોના રક્ષક' થીમ હેઠળ શાળા વાહનચાલકો માટે જાગૃતિ સેમિનાર યોજાયો



**નડિયાદ |** નડિયાદ શહેરની સેન્ટ અર્સલ્લા હાઈસ્કૂલ ખાતે IGC ગ્રુપ દ્વારા આયોજિત આ બેઠકમાં નિષ્ણાંતોએ ડ્રાયવરોને બાળકોની સુરક્ષા અને ટ્રાફિક નિયમોનું માર્ગદર્શન આપ્યું હતું. સેમિનારમાં ઓવરલોડિંગ ટાળવા, વ્યસનમુક્ત રહેવા અને દીકરીઓની સુરક્ષા પ્રત્યે સજાગ રહેવા જેવી ગંભીર બાબતો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સરકારી પ્રતિનિધિઓ અને વકીલોએ અકસ્માત સમયના પ્રતિસાદ અને કાનૂની જોગવાઈઓ વિશે ડ્રાયવરોને વિસ્તૃત જાણકારી આપી પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં, તમામ ડ્રાયવરોએ દરેક બાળકને પોતાના સંતાન સમાન ગણી તેમની સુરક્ષાની પ્રાથમિકતા સ્વીકારી સુરક્ષા સંકલ્પ લીધો હતો.

### કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે અદ્યતન લેસર સારવારની સુવિધા શરૂ કરાઇ





**આણંદ |** કરમસદની શ્રી કૃષ્ણ હોસ્પિટલના ચામડી વિભાગમાં હવે આધુનિક ડાયોડ અને સી.ઓ.ટુ. લેસર મશીન દ્વારા ત્વચા અને વાળની વિવિધ સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે. ડાયોડ લેસર ટેક્નોલોજી દ્વારા ચહેરા અને શરીરના અન્ય ભાગોમાંથી અનિચ્છનીય વાળ દૂર કરવાની અસરકારક સારવાર કરવામાં આવશે. સી.ઓ.ટુ. લેસર દ્વારા ખીલના ડાઘ, મસા, સ્કીન ટેગ દૂર કરવા અને સ્કીન રીજુવેનેશન દ્વારા ચહેરાની ચમક વધારવાની સુવિધા મળશે. આ ઉપરાંત, સફેદ દાગ માટે સ્કીન ગ્રાફ્ટિંગ સર્જરી અને વાળ ખરવાની સમસ્યા માટે પી.આર.પી. જેવી આધુનિક સારવાર પણ ઉપલબ્ધ છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટને 113.61 કરોડના નવા ઓર્ડર મળ્યા

વડોદરા: સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડ (SPEL)એ કુલ 113.61 કરોડના નવા ઓર્ડર મેળવીને પાવર ટ્રાન્સફોર્મર સેક્ટરમાં પોતાની મજબૂત હાજરી વધુ મજબૂત બનાવી છે. કંપનીને કેરાલા સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડ પાસેથી 35.76 કરોડનો 25 એમવીએ, 110/33 કેવી ટ્રાન્સફોર્મર્સ સપ્લાયનો ઓર્ડર મળ્યો છે, જે 14 મહિનામાં પૂર્ણ થશે. તે ઉપરાંત, તમિલનાડુ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની પાસેથી 6.54 કરોડના 500 કેવીએ ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર્સના ઓર્ડર મળ્યા છે. સાથે જ, કંપનીની પાર્ટનરશિપ ફર્મ દાન્યા ઇલેક્ટ્રિક, જેમાં SPELનો 90% હિસ્સો છે, તેને 71.31 કરોડના વિવિધ ક્ષમતાના ટ્રાન્સફોર્મર્સના ઓર્ડર મળ્યા છે, જે 12થી 18 મહિનામાં પૂર્ણ થશે. આ ઓર્ડર્સ કંપનીના મજબૂત ટ્રેક રેકોર્ડ, ગુણવત્તા અને ગ્રાહક વિશ્વાસને દર્શાવે છે. નવી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી કાર્યરત થતાં ઉત્પાદન ક્ષમતા અને કાર્યક્ષમતામાં વધારો થયો છે, જે મોટા ઓર્ડર્સ સમયસર પૂર્ણ કરવામાં મદદરૂપ બનશે. કંપનીના ચેરમેન વી રાજમોહને જણાવ્યું કે આ ઓર્ડર્સ કંપનીની વૃદ્ધિ ગતિને વધુ મજબૂત બનાવશે.

### આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજમાં 'રિસર્ચ પ્રપોઝલ' પર રાજ્યકક્ષાના વર્કશોપ યોજાયો



**આણંદ |** આણંદની એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજ અને કેસીજીના સંયુક્ત ઉપક્રમે 'રિસર્ચ પ્રપોઝલ એન્ડ રિપોર્ટ રાઇટીંગ' વિષય પર રાજ્યકક્ષાના ત્રિદિવસીય વર્કશોપ યોજાયો હતો. જેના પ્રારંભ પ્રસંગે અર્થશાસ્ત્રી પ્રો. એ.એ. શેખ અને પ્રો. હિંમતભાઈ પટેલે સંશોધન માટે નવો અભિગમ, ગહન વાંચન અને વૈચારિક વિકાસને અત્યંત અનિવાર્ય ગણાવ્યાં હતાં. આ સંસ્થાના જોઈન્ટ મંત્રી અન્વેશભાઇ પટેલે વિચારને આગળ ધપાવવાની પ્રક્રિયાને સંશોધન ગણાવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

### સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજનો 27મો વાર્ષિકોત્સવ ઉજવાયો



આણંદ | ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જીનીયર ભીખુભાઇ પટેલના અધ્યક્ષસ્થાને 27મો વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં ઝાયડસ લાઈફ સાયન્સિસના વાઇસ પ્રેસિડેન્ટ દત્તેશ શાહ અને ટોયો ઇન્ક ઇન્ડિયાના જીએમ રાહુલ મેહતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના વાર્ષિક મેગેઝીન 'ઇન્સ્પાયર-2026' નું વિમોચન કરવામાં આવ્યું હતું અને વર્ષ દરમિયાન શૈક્ષણિક તેમજ ઈતર પ્રવૃતિઓમાં રાષ્ટ્રીય-રાજ્ય કક્ષાએ તથા યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે બહુમાન કરાયું હતું.

### અલ્પેશ એન. પટેલ સાયન્સ ઇન્સ્ટિટયૂટમાં જૈન મુનિનું 'માનવતા' પર પ્રેરક પ્રવચન



**આણંદ |** શ્રી અલ્પેશ એન. પટેલ પી.જી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચમાં જૈન મુનિ અક્ષય રત્ન વિજયજી મહારાજનું 'માનવતા' વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. મુનિશ્રીએ પ્રવચન દરમિયાન જણાવ્યું કે, આપણી આસપાસના સજીવો અને પર્યાવરણને પરેશાન ન કરવા એ જ સાચી માનવતા છે. આ પ્રસંગે તેઓએ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સુખી જીવન જીવવા માટેના પાંચ પાયાના સૂત્રો આપી ઉમદા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઇન્ચાર્જ આચાર્ય ડો. ચિરાગ વ્યાસ અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનો વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

### લુણાવાડા ખાતે ડીઆઈજી વિધિ ચૌધરીના હસ્તે 'જન સંપર્ક કેન્દ્ર'નો પ્રારંભ કરાયો



**લુણાવાડા |** પંચમહાલ-ગોધરા રેન્જના ડીઆઈજી શ્રીમતી વિધિ ચૌધરીએ મહીસાગર જિલ્લાના વડામથક લુણાવાડાની સત્તાવાર મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે નાગરિકોની સુવિધા અને રજૂઆતોના સત્વરે નિરાકરણ માટે નવનિર્મિત 'જન સંપર્ક કેન્દ્ર'નું ઉદ્ઘાટન કર્યું હતું. ડીઆઈજીએ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સઘન સમીક્ષા કરી હતી. પોલીસ કામગીરીને વધુ પારદર્શક અને પ્રજાલક્ષી બનાવવા માટે તેમણે અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### કડાણાના આંકલીયા ગામે બાબા રામદેવજી મહારાજના મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



**કડાણા |** કડાણા તાલુકાના આંકલીયા ગામે ધારાસભ્ય ડો. કુબેર ડીંડોર અને મોટી સંખ્યામાં ભક્તજનોની પ્રેરક ઉપસ્થિતિમાં બાબા રામદેવજી મહારાજના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો. આ અવસરે શાસ્ત્રોક્ત વિધિ મુજબ વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા-અર્ચના, હવન-યજ્ઞ અને ગામમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરી આધ્યાત્મિક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. રંગબેરંગી સજાવટથી શોભતા મંદિર પરિસરમાં ભજન-કીર્તન અને ધૂનની રમઝટ સાથે સમગ્ર પંથકમાં ધાર્મિક ઉલ્લાસ અને ભક્તિનો અનેરો આનંદ છવાયો હતો.

### આણંદની ડી. એન. હાઇસ્કુલ, માધ્યમિક વિભાગમાં બુક રીવ્યુ કાર્યક્રમ યોજાયો




**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી અને જ્ઞાનસ્થલી લાયબ્રેરીના સંયુક્ત ઉપક્રમે ડી. એન. હાઇસ્કુલ માધ્યમિક વિભાગનો બુક રીવ્યુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ, શાળાના આચાર્ય ગિરીશભાઈ પટેલ તથા લાઇબ્રેરી કન્વીનર ડો. મનોજભાઈ જવાણી ઉપસ્થિત રહ્યા હતા. આ ક્રાયક્રમમાં 80 વિદ્યાર્થીઓએ પોતાના વાંચન આધારિત પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાઇબ્રેરીયન બીજલબેન શાહે કર્યું હતું. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે શુભેચ્છા પાઠવી હતી.

### ટિપ્કો એન્જિનિયરિંગ ઇન્ડિયા લિમિટેડનો IPO 23 માર્ચે ખુલશે

**વડોદરા |** ટિપ્કો એન્જિનિયરિંગ ઇન્ડિયા લિમિટેડે 23મી માર્ચ, 2026ના રોજ તેનું ઈનિશિયલ પબ્લિક ઓફર (IPO) ખુલ્લું મુકવાની જાહેરાત કરી છે. કંપની આ ઇશ્યૂ દ્વારા અંદાજે ₹60.55 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ IPO 25 માર્ચ, 2026 સુધી ખુલ્લો રહેશે અને શેરો BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટ થશે. કુલ 68,03,200 ઇક્વિટી શેરના આ ઇશ્યૂમાં 54,48,000 શેર ફ્રેશ ઇશ્યૂ અને 13,55,200 શેર ઓફર ફોર સેલ તરીકે રહેશે. પ્રતિ શેર ₹84 થી ₹89નો પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો માટે લોટ સાઇઝ 1,600 શેર રાખવામાં આવી છે. ઇશ્યૂમાં એન્કર પોર્શન માટે 17,20,000 શેર, ક્વાલિફાઇડ ઇન્સ્ટિટ્યુશનલ બાયર માટે 11,56,800 શેર, નોન-ઇન્સ્ટિટ્યુશનલ રોકાણકારો માટે 8,73,600 શેર, રિટેલ રોકાણકારો માટે 20,32,000 શેર અને માર્કેટ મેકર માટે 10,20,800 શેર ફાળવવામાં આવ્યા છે. સ્માર્ટ હોરાઇઝન કેપિટલ એડવાઇઝર્સ લીડ મેનેજર તરીકે કાર્યરત છે.

જાહેર નિવિદા

મોજે - નગરા તા. ખંભાત જી. આણંદ ગામે ગત નાણાકીય વર્ષ તથા વર્ષ 2026-27માં ગ્રામ પંચાયત નગરાએ કરવાના વિકાસના કામો માટે લેબરના ભાવ તથા વિકાસના તમામ કામો જેવા કે પીવાના પાણીની સુવિધાના કામો, સી.સી.રોડના કામો, બાંધકામના કામો, સેનિટેશનના કામો, બ્લોક પેવીંગના કામો, પંપીંગ મશીનરી તથા અન્ય કામો માટે જરૂરિયાત મુજબનો માલ સામાન ખરીદવા માટે માલ સામાન પૂરો પાડનાર, વિકાસ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે સદરહુ ભાવ પત્રકો નીચેના સરનામે તારીખ 26/03/2026ના રોજ બપોરે 3:00 કલાક સુધી રજી.એ.ડી થી મોકલવાના રહેશે નિયત સમય બાદ મળેલ ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહીં.

1. કવરના મથાળે વિકાસ કામોના ભાવ પત્રક તેમ લખવાનું રહેશે.
2. આ જાહેર નિવિદાથી મંજૂર થયેલ ભાવપત્રક ગત નાણાકીય વર્ષ અને વર્ષ 2026-27ના મંજુર થયેલ વિકાસ કામો માટે માન્ય રહેશે.
3. એજન્સીએ ભાવપત્રકો સાથે પાનકાર્ડ તથા જી.એસ.ટી. નંબર ધરાવતા હોય તેની ઝેરોક્ષ નકલ ફરજિયાત મોકલવાની રહેશે.
4. એજન્સીના ભાવપત્રકો મંજુર થયા બાદ ગ્રામ પંચાયત નગરાને સંતોષકારક કામગીરી નહીં કરી આપવામાં આવે તો એજન્સી બદલવાના અબાધિત અધિકાર ગ્રામ પંચાયત, નગરાનો રહેશે.
5. કોઈપણ ભાવ પત્રક મંજૂર કરવા કે નહીં તેનો અધિકાર ગ્રામ પંચાયત, નગરા નો રહેશે.

સહી :- સરપંચ/તલાટી કમ મંત્રી, નગરા ગ્રામ પંચાયત
સરનામું : નગરા ગ્રામ પંચાયત કચેરી, મું.નગરા, તા. ખંભાત, જી. આણંદ